ગુજરાત આનામાળા સીરીઝ ૪ થી.

कन्याविक्रय जे करे धन लई धिक्कार त्हेने धरो,
किर्तिना कदि लोभथी कुळ जुए, ते पापि पूरो खरो;
किर्ति द्रव्य तणो कशो जगतमां जे स्वार्थ साधे नहि;
दिकरीना सुखनो विचार करशे ते पून्यशाळी सही.

કન્યા—વિક્રય.

પ્રયોજક અને પ્રકાશક,

ગોર. અંબાલાલ છગનલાલ. વ્હેરા.

શીકા (સ્ટેટ ઇડર-મહિકાંઠા.)

(સંસાર દર્શન વિનોદિની—કમલિની—રાણી દુર્ગાવતી, સવિતા સુશિલા—વિગેરેના કર્તા અને કેટલાંક માસીકોના લેખક.)

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૯.

કિંમત } ગ્રાહકો માટે એક આનો.
છુટક નકલ દોઢ આનો.

વિનંતી પત્ર.

ગ્રાહકોને સાચી વાત જણાવવી એમાં કોઈ વાતનો પ્રતિબંધ નથી. આ આનામાળા સીરીઝમાં મુખ્ય બે ઉદ્દેશો સમાયલા છે. એક તો લેખકનું નિર્વાહ સાધન, બીજું જનસમાજના વર્ત્તનમાં કંઇક સદ્ભાવ ઉત્પન્ન કરવો.

સુજ્ઞ વાંચકો, હું લેખક તદ્દન બહેરો છું તે આપ સર્વને વિદિત છે તેમજ ગુર્જર ભૂમિપર બહેરા લેખકોનો મુખ્ય આધાર ઉદાર ગૃહસ્થો અને ઉત્સાહી ગ્રાહક બંધુઓ ઉપરજ છે, મારા જેવા બ્હેરા લેખકને અન્ય ગ્રાહકો વધારી આપવા મદદ કરવી તે આપ સુજ્ઞની ફરજ જ છે.

વિ. વાંચન અને તે કેવું હોવું જોઇએ, એ દરેક બંધુઓનુ અજ્ઞાત્ નહિ હોય, છતાં આ આનામાળા સીરીઝો સારા લેખો ઉપરથી અનુવાદ કરી, જાતે લખી, છપાવી અને જાતેજ વેચું છું તેમજ આ વાર્તાઓ કેટલાંક પુસ્તકોના વાંચનની યાદગીરીમાંથી લખવામાં આવી છે. તો તેના મૂળ લેખકોનો પણ આભાર માનું છું.

દરેક વાંચક બંધુઓએ અન્ય ગ્રાહકો વધારી આપવા કૃપા કરવી. મારા બ્હેરા થયા બાદ મારા હિતચિંતકો તરફથી જે પ્રેમ-જીજ્ઞાસા દષ્ટિવૃત છે તે સદાને માટે ચાહું છું. સુજ્ઞ બંધુઓ આપ ગ્રાહક થઇ અન્ય ગ્રાહકો વધારી આપવા મહેરબાની કરશો.

વિજયા દશમી.
વડાગામ (મહિકાંઠા)

આપનો સ્નેહાધીન,
ગોર અંબાલાલ છગનલાલ.
શીકા (સ્ટેટ ઇડર—મહિકાંઠા.)

કન્યા–વિક્રય.

સરરરર કરતુ આકાશમાંથી પુષ્પ ખર્યું તે મેં મ્હારી સ્ત્રિને આપ્યું તેણીએ તે સુંઘ્યું અને દસ માસમાં એને દીકરી અવતરી.

કન્યા, શુકલપક્ષનો ચંદ્રમા વધે એમ વધવા લાગી એટલે ત્હેનું નામ કલાવતિ એવું પાડયું.

આજે હું દેવીમંદીરમાં બેઠો છું કારણ હું દેવીનો ઉપાસક છું. આકાશ મંડળ વાદળાંઓથી ઘેરાઇ ગયું. એજ વાદળાંના પ્રચંડ યુદ્ધમાં, વિજળી ઝબક, ઝબક, થવા લાગી, મારૂં હૃદય ધબકવા લાગ્યું હું ક્યાં છું એ ભાન રહ્યું નહિ. કલાવતિનાં લગ્ન ક્યાં કરવાં એ સંબંધી મ્હારૂં મન વ્યતિવ્યસ્ત છે. જે વધારે રૂપિયા આપે, તેને હું મારી દીકરી પરણાવીશ એમ નિશ્ચય કર્યો.

હું ચંદીપાઠ કરતો હતો, પણ દુષ્ટ પવને ત્હેના કેટલાં પાનાં ઉઠલાવી નાંખ્યાં ગ્રીષ્મ રૂતુની સખત ગરમી અને કેટલાક ખરા ખોટા વિચારોના પરિશ્રમથી મારી આંખો મીંચાઇ ગઇ, આ તે સ્વપ્ન છે કે હું જાગું છું એમ ભાન થયું. વળી આંખો બંધ થઈ, એટલામાંજ મ્હારી આગળ એક દિવ્ય મૂર્તિ આવી ઉભી રહી. એ સુંદરી છે. તેનું વય ૧૮–૨૦ વરસનું છે, રૂપ અલૌકિક છે, સૃષ્ટિ સૌંદર્યતા બધી એમાંજ ભરેલી છે, મેં પૂછ્યું–ત્હમો કોણ છો ?

હું ભાગ્યદેવી છું. ધર્મદાસ ! જો ત્હારી મરજી હોય તો હું ત્હારા ગૃહમાં પ્રવેશ કરૂં. મેં કહ્યું–ત્હમો ભાગ્યદેવી ? અરે દેવી; હું

રંક, ગરીબ આદમી અને ત્હમારાં પગલાં મ્હારે ત્યાં ક્યાથી, પધારો, પધારો, હું ત્હમારૂં મારાથી બનતું આતિથ્ય કરીશ. એમ કહેતાં હું તે જગમોહિની (સુંદરી)નો હાથ પકડવા ગયો એટલામાં જ તે આકાશ માર્ગે ઉડી ગઇ. હું અભાગીયો લમણે હાથ દઇ તેની સ્હામું જોઇ રહ્યો. જતાં જતાં તે સ્ત્રિ બોલી;—

"હું આવીશ; પણ તું અધર્મી છે. ત્હારે ત્યાં હું થોડોજ વખત રહીશ."

એ પછી તરતજ પૃથ્વિ કંપવા લાગી. અને ભૂગર્ભમાં એક મ્હોટો ચીરો પડયો જેમાથી એક બાજી સુંદરી પ્રગટ થઇ તે મહામાયા અંબિકા છે, એની દિવ્યમાન મૂર્તિ, વસ્ત્રાલંકાર, અને રૂપ જોઇ. હું પતંગના માફક મોહિત થઈ ગયો. તેને સ્પર્શ કરવાનો અધિકાર નથી એ હું જાણું છું. જાગુછું કે સ્વમ છે? એમ ભાસ થયો. ના એ તો સ્વપ્ન છે. એજ સ્વપ્નમાં દેવીએ કહ્યું:—

"બેટા ધર્મદાસ? ચીંતા ન કર હું ત્હારાપર પ્રસન્ન છું."

મેં દ્રવ્યની લાલસાથી કહ્યું; માજી મ્હારા ઉપર આટલી બધી કૃપા હું ક્ષુદ્ર આત્મા આપના ચરણોમા અર્પણ કરેલો છે. આપનો ધર્મદાસ ગરીબંના ગરીબ? જુઓ, મારા ગામના કેટલાક ગાડી ઘોડામા ફરે છે કેટલાક વેપાર કરે છ, કેટલાક મીલ માલીક છે. અને આ સેવકને પહેરવાને જુતા પણ મળતાં નથી એ કેટલો અન્યાય? એ તો ઠીક છે કે મારી કળાવતીને હું પરણાવીશ.

એમ કહી હું ચૂપ રહ્યો, કન્યાના પૈસા લેવા છે. એ વાત મે દાબી રાખી. દેવી આગળ જાહેર કર્યું નહિ. પણ દેવી બધુ સમજી ગઈ, અને મને "પેંગડે પગ ને બ્રહ્મ ઉપદેશ" કહેવા લાગી.

ધર્મદાસ? હું ત્હારી તરંગમાળા સમજી ગઇ છું. તું દીકરીનો

પૈસો લઇ દ્રવ્યવાન થવા ધારે છે, પણ એ લાલસા ત્હારી ખોટી છે. બેટા? તું સત્ય અને ન્યાયથી વર્ત્તજે ત્હારૂં દીલ ચોખ્ખુ રાખજે. સંતોષથી ત્હારૂં નિર્વાહ કરજે; અધર્મનો ત્યાગ કરજે દીકરીને પૈસે કોઈ સુખી થયા નથી. દીકરીનો પૈસો તે ઠીકરી બરોબર છે.

દેવીનાં ઉપદેશમય કથનો ધર્મદાસના કર્ણપટમાં પહોંચ્યા ખરાં પણ ધર્મદાસે એ બધુ આંખના પલકારામાં ગણકાર્યું નહિ. જેમ તેમ દ્રવ્યની લાલસા વધવા લાગી. તેનું સ્વપ્ન, નિંદ્રા, અને દેવી એ સર્વ અદ્રસ્ય થઇ ગયાં. પૈસા આપનાર અને કન્યા લેનાર ગૃહસ્થો તેની આગળ ફરવા લાગ્યા. પુંજાનું પાત્ર હાથમાં લઇ ચટપટ પોથી બગલમાં મારી ઘર તરફ પ્રયાણ કર્યું.

ઘેર આવી. ધર્મદાસે સ્ત્રિને પૂછ્યું–કે છોકરીના વિવાહની તૈયારી કરવી જોઇએ; એમાં ત્હારે કંઈ કહેવાનું ?

કહેવાનું ? મ્હેવાનું શું ત્હમારા જેવા, ગરીબ અને નિર્ધન બ્રાહ્મણને પરણી, મેં કંઇપણ સુખ ભોગવ્યું નહિ. બે દાગીના પણ નહિ. પ્હેરવાને એક બે સાડી પણ નહિ. તો પછી શું ?

" સુંદરીએ દીલગીર થતાં જવાબ વાળ્યો. "

તું શા માટે દીલગીર થાય છે જો, એમજ હોય તો હું આ દીકરીને આપણી ગ્નાતીના આગેવાન ગૃહસ્થ શેઠઠઠઠ, " ડોસાભાઇ " કે જેઓ લક્ષાધિપતી છે. એમને ચાર સ્ત્રિઓ થઇ ગઇ, પણ એકે હયાત નથી; અને આપણી દીકરીનો વિવાહ (લગ્ન) થાય, તો આપણને પણ આ ગરીબ નિર્ધનવસ્થામાંથી મુક્ત થઇ કંઇક સુખનો અનુભવ મળે ખરો. ત્હારી મન કામના પૂરી થાય, એક બે દાગીના પણ થાય. ન્યાતમાં મારૂં માન જળવાય એ સિવાય મ્હારી નજરમાં

એકે ઘર આવતું નથી. "આટલું બોલી ધર્મદાસ ચૂપ રહ્યો."

સ્ત્રિએ કહ્યું; પણ એને માટે ત્હમે કંઈ ઠરાવ કર્યો! જો જો, " ડોસાભાઇ " પચાસ ચોમાસાંનો ઉતાર છે, ન્યાતનો આગેવાન છે. લુચ્ચો છે. બહાર કંઇ ને અંદર કંઇ એના બોલવા ઉપર ભરોંસો રાખવાનું નથી મોઢાના આંકડાનો ઠરાવ કરજો અને ટીકીટ મારીને ખાતુ પાડજો.

ઠરાવ ? ઠરાવ માત્ર એટલોજ કે દસ હજાર એકસોને એક રૂપિઆં પહેલા લેવા " બસ ચૂપ ! " આ વાત કોઇને કહેવાની નથી. " એમ કહી ધર્મદાસ બીજા વિચારોમાં આનંદોલીત થવા લાગ્યો,"

બત્તી બંધ કરી અંધકારમાં ડુબેલો ધર્મદાસ સુઇ ગયો, આંખો મીચાઇ, ન મીંચાઈ એટલામાં બીજુ સ્વપ્ન અને દેવી ત્હેથી નજર આગળ ઉપસ્થિત થયા. આકાશ વાણીથી દેવી કહેવા લાગી.

છપ્પો.

લે દીકરીનો દામ ડહામ રહેવાનો ત્હેને
દુઃખ ટળીને સુખ કહોજી, મળ્યું છે કેને
રક્ત લક્ષ્મિ છે, એજ તેજ ઘરમાં ન વ્યાપે
કરે કુળનો નાશ હળાહળ કુમતિ આપે
ચામનો દામ ઉપજાવીને, તત્ત્વ તો ખુશી થાય છે
વિક્રય ધન આવ્યા થકી, હોય તેહ પણ જાય છે,

માજી ? માજી, ક્ષમા કરો, સ્ત્રિની હઠ અને મારી નિર્ધનતા ઉપર આપ દયા લાવો, મારાં લક્ષ્મિના ભંડારરૂપ દેવી; આપ મારા નવા લક્ષ્મિના સ્થાનમાં પધારો, અને હું જે કંઈ દ્રવ્યનો સંચય કરૂં ત્હેનું રક્ષણ કરો.

આટલી પ્રસ્તાવ પછી તો દેવી મંદ મંદ હસતી આકાશ માર્ગે ઉડી ગઇ, અને જોત જોતામાં અદ્રશ્ય થઇ ગઇ, બિચારો રાંક ધર્મદાસ વિચારમાંને વિચારમાં બીજી તરંગમાળા ગુંથવા લાગ્યો. પૈસા લઇશ અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો. તે પણ નવનવી હકીકત ગોઠવવા બેઠો, ઉંઘ આવી એટલામાં ઉંઘી ગયો.

સ્હવાર થયું, ન્હાઇ ધોઈ સંધ્યા પાઠ પૂંજાથી પરવારી ધર્મદાસ એક બે સ્નેહીઓને બોલાવી લગ્નની પ્રતિક્રમણા ઘડવા લાગ્યો. અર્થાત્ લગ્ન લીધું–ગોળ ધાણા વહેંચાયા, બૈરાંઓએ.

ભમરાર પહેલો વધાવો મારે આવીયો મેં તો મોકલ્યો મારે "ડોસાભાઇ"ને:
ગ્રેરરે વાડાના ભમરા પહેલો વધાવો મારે આવીઓ.

ગીત મંગળ ગાયાં. કુમકુમ પત્રિકાઓ લખાઇ. ધર્મદાસે પોતે જાતે નિચે મૂજબ " ડોસાભાઇને " પત્રિકા લખી,—

શ્રી, શ્રી, શ્રી, પંચ ન્યાતના આગેવાન એકસોને આઠ લાખવાર ધર્મ ધૂરંધર ન્યાયમૂર્તિ પંડીતજી–શેઠજી ડોસાભાઈ પંથીરામ.

લી. આપનો આજ્ઞાકારી, શેવક ધર્મદાસના નમસ્કાર વાંચશો. જત અમારી દીકરીનું લગ્ન..........નેવાર ભેસ્તરવારને રોજ નિરધાર્યું છે. માટે આપ જાન લઇ વહેલા પધારશો. એજ

તા. ક. **પેલી વાત ભૂલશો નહિ.** લી. આપનો સેવક. **ધર્મદાસ,**

જ્યાં ત્યાં ગામમાં ધર્મદાસનીજ વાતો થવા લાગી, ધર્મદાસ કન્યા વિક્રય કરે છે એમ વગોણુ થવા લાગ્યાં, કેટલાક જુવાનીયાઓ ધર્મદાસને ધિક્કારવા લાગ્યા; તો કેટલાક " ડોસાભાઈ "ને વરસ કેટલાં ? એમ કહેવા લાગ્યાં; કેટલાકે ન્યાતમાં કન્યા વિક્રય થાય અને

" ડોસાભાંઇ " જેવો વૃદ્ધ અગીયાર વરસની બાળક કન્યાને પરણે એ કેટલું ખરાબ, ખોટું અને આખી જ્ઞાતીને હિણપત લગાડવા જેવું? એમ ધુસપુસ વાતો કરવા માંડી પણ, કોઇનાથી ધર્મદાસ અથવા તો ડોસાભાઇના મોંઢે આ વાત કહેવાઇ નહિ સૌ મનમાં ને મનમાં સમસમી રહ્યાં.

ડોસાભાઇને ત્યાં આજે પાંચમી વરઘે પાપડ, વડીગ્રો, મુકવા કેટલાંક બૈરાંઓનો જમાવ થયો છે. ડોસ્સાભાઇનું પીંજર ખુલ્લું કરી પીઠી ચોળવાની વિધિ થઈ રહી છે. કેટલીક સ્ત્રીઓ–'પીઠી ચોળોરે પિત્તરાણી ' એમ ગાવા લાગી એમાંની એક સ્ત્રિએ ગુસ્સામાં આવી તાણો માર્યો. મોઇ મુર્ખીઓ એમ શું ગાઓ છો ? જુઓ હું ગાઈ બતાવું. " બુઢ્ઢાવરને વાગશે, " એમ ગાઓ. ડોસાભાઇ ક્યાં ન્હાનો છે. સૌ ચૂપ થઇ ગયાં. આટલું બોલી તે સ્ત્રિ સ્ત્રિમંડળમાં ક્યાં ઘુસી ગઇ તે જણાયું નહિં. ડોસ્સાભાઇ વૃદ્ધાવસ્થાની તીણી આંખે તે સ્ત્રિને જોવા લાગ્યા પણ કોઇ જણાયુંજ નથી.

જુવાનીઆઓએ ડોસાભાઇની જાનમાં ન જવું એમ ધાંધલ મચાવી. કેટલાક વૃદ્ધ પુરૂષોએ તેમને સમજાવી પટાવી આગળ કર્યાં. જેમ તેમ જાન તૈયાર કરી ડોસાભાઇ ! ધર્મદાસને ગામ આવી લાગ્યો.

ધર્મદાસના ગામમાં જાન આવી, જાન આવી. એમ વધાઇઓ થવા લાગી. ગામનાં સ્ત્રિપુરૂષો અને બાળકોનું ટોળુ વરને જોવા ઉમંગમાં આવ્યાં, કેટલાક ઝાડપર ચ્હડી જોવા લાગ્યા, ને કેટલાકે ડોસાભાઇનું ગાડું રોકી વધામણાં માગ્યા.

વરને જોઇ સૌ કોઇ વિચારમાં પડયા. ગામમાં સૌ ન્હાનાં મોટાંને મોઢે ધર્મદાસની નિંધા થવા લાગી. કોઇ કહેવા લાગ્યા. અરે?

એંશી વરસના બુઢ્ઢાને દસ વરસની બાળકી ? બસ, હડહડતો કળજુગ આવ્યો. નહિ તો બીજું શું ? આ ધર્મદાસનું અનિષ્ટ થવાનું કન્યા વિક્રય અર્થાત પૈસાના લોભે મડા સાથે મીંઢળ બાંધ્યું" કેટલાક એમ પણ કહેવા લાગ્યા. જુઓ ભાઇ ? કુળવાનને ત્યાં પણ એમજ હોય છે. વર દસ વરસનો, તો કન્યા વીસ વરસની માટે એમાં ધર્મદાસનો શો વાંક ?

આજે ડોસાભાઇએ પોતાનો ચહેરો બદલ્યો છે. પોતાની જૂની દોસ્ત માળણને બોલાવી. પુષ્પનો ઘટાદાર ખૂપ બનાવડાવ્યો છે. એમની તીણી આંખો કોઇ જોઇ શકે નહિ. એ માટે આજૂબાજૂ મુનાન સ્ત્રિઓ પાસે મેંશનો આડંબર લગાડેલો હતો. શરીરનાં હાડપીંજર કોઇ જોઇ શકે નહિ. એ માટે મથૂરાના ચૌબાની જાડી શીવેલી બંડી અંદરના ભાગમાં પ્હેરી હતી. ચીમળાઇ ગયેલા ગાલ કોઇ જોઇ શકે નહિ. એ માટે પાંચ દસ પાનનાં બીડાં મોઢામાં ભરી દીધાં હતા. દરેક રીતે શરીર હૃષ્ટ પુષ્ટ જણાય એમ હકીકત ગોઠવી હતી.

જાન જમી પરવારી વરજીને મંડપમાં લાવવાની અર્થાત વર ઉઘલાવવાની તૈયારી થઈ, એટલામાં ધર્મદાસે આવી, ડોસાભાઇના કાનમાં કંઇક કહ્યું:—

એ પછી ડોસાભાઇ, ધર્મદાસ, અને બીજા બે ત્રણ સ્નેહીઓ એક નવરી જગા ઉપર ગયા. અને પા કલાકની મસલત પછી ત્રાજવાં આવ્યાં ને ઘરની અંદરના એકાંત ભાગમાં ધર્મદાસની કોથળીયો ભરાવા લાગી.

"અર્થાત, ધર્મદાસે દસ હજાર એકસોને એક રૂપિયા ગણવાની કડાકૂટને બદલે તોલીને લીધા.

વર ઘલાવો થયો. વરને શણુગાર થયા. સ્રિઓએ વરને મેંશ આંજી ગાલે ટપકાં કર્યા. અને કાનમા કંઇક શિખામણુ દીધી. કાનને ફાડી નાખે, એવા ઢોલ, તાંસા, અને નગારાંના ગડગડાટ થયા. ખાલી બંદુકો ફુટવા લાગી, દારૂખાનુ ઉડવા લાગ્યું અને ડોસાભાઇ ધીમે પગલે ચાલવા લાગ્યા. " ત્યાં છીંક થઇ."

ધર્મદાસના ઘરમાં વરને પોંખાવવાની તૈયારી થવા લાગી, ગોર મહારાજે ત્રાક લાવો, ઈંડી વીંડી બનાવો. જારના ડોકા મંગાવો. ધૂંશળ, મૂશળ અને એક રવૈયો જોઇએ. વિગેરે ઉચ્ચાર ઉપર ઉચ્ચાર કરવા માંડયા. અને એક બાજુએ સ્રિઓ ગીત મંગળ ગાવા લાગી—

ગીત.

લાડકડી ચ્હડીરે કમાડ બાળાવરને નિરખવા—મ્હારારાજ—

ત્હેમાંની એક સ્રિએ ગુસ્સામાં આપી કહ્યું જે મોઇ મૂર્ખીઓ, એમ શું ગાઓ છો ? જુઓ હું ગાઇ બતાવું. " બૂઢ્ઢા વરને નિરખવા મારારાજ " એમ ગાઓ, ડોસાભાઈ ક્યાં ન્હાનો છે, અક્કલહીણુ ધર્મદાસ પૈસાના લોભે ઘરડા ડોસાની સાથે આ કુમળા બાળકને પરણાવે છે. માટે " બુઢ્ઢો વર " એમ ગાઓ, એટલું કહી તે સ્રિ સ્રિમંડળમાં અદ્રશ્ય થઇ ગઇ. "

વાજતે ગાજતે ધર્મદાસની સ્રિ વરને પોંખવા ચાલી કેટલાક જુવાનીઆઓએ બને તેટલા જોરથી વરને ઝીણી ઝીણી કાંકરીયો છાંટવા માંડી. ત્હેમાંના એક બે અદાવતખોરાએ તો નત્રટાંક પાશેરના પત્થર પણુ ફેંકવા માંડયા. ધર્મદાસે આવી ધમકાવી છૂટા પાડયા.

પોંખવાની વિધી થયા પછી ડોસાભાઇ મંડપમાં આવી બીરાજમાન થયા.

ગોર મહારાજે "કુર્યા સદા મંગલમ્" વિગેરે મંગળ ગીત ગાયાં એ પછી જૂઠાં સાચાં એવાં પણ ગપ્પાં માર્યા જે "વર કન્યા સાવધાન, નાણાંની કોથળી સાવધાન, વર પૂરણ વરસ અઢારનો?" આ સાંભળી વર ખુશી થયો. અને કન્યાના આનંદની સીમા રહી નહીં.

વળી ધર્મદાસે પણ સૌ મંડળ સાંભળે એમ પ્રતિજ્ઞા કરી જે; "હું મારી દીકરી શ્રીકૃષ્ણાર્પણ આપું છું. તે હે જમાઈરાજ સ્વીકારજો; એ પછી ગોરે ડોસાભાઇ પાસે પણ કહેવડાવ્યું "પ્રતિગૃહણામી" હસ્ત મેળાપ થયા. ક્યાં ખૂંધીયો ડોસાભાઇ અને ક્યાં બાળક કન્યા. સૌ કોઇ જોનાર આશ્ચર્ય થઈ ગયા.

એક બાજૂએ ડોસાભાઈથી દૂર પચીસ હાથને છેટે એક તૂરી હાથમાં સારંગી લઈ, ડોસાભાઇના વખાણનું નિચેનું પદ ગાતો હતો.

ડોસ્સા કાકા ગામના બાપારે, આ તૂરીના......બાપાજી ઈ;
ડોસ્સાકાકા ભૂલતા નાજી, તમે છો તૂરીનાં બાપને માજી.
તમે હતા ગોરખપૂરના કારભારી, ત્યારે આપીતી એક બંડી સારી;

ઉપરનું દ્રવ્ય જોતાં અને સ્પર્શ્યા સ્પર્શ્યનો વિચાર આવતાં એક પંડીતજીએ ચપટીના ઇસારાથી એ તૂરીને બહાર કહાડ્યો. ડોસાભાઇએ જીજ્ઞાસાથી એને ચાર આના આપવાનું કહ્યું વરકન્યા પરણી રહ્યા. ગોરે ઘીના ભરેલા વાડકામાં વરકન્યાને એક બીજાનો ચ્હેરો (મોંઢુ) જોવાને કહ્યું. બાળક કન્યાને ડોસાભાઇનો ચહેરો જોતાં જ મૂર્છા આવી. પા કલાક મંડપમાં શુમશાન્ય થઇ રહ્યું. એ પછી સ્ત્રિઓએ આવી જાનીવાસે જતાં નિચેનું પદ ગાવા માંડયું.

અમે ઇડરીયો ગઢ જીત્યારે આનંદ ભલા,
અમે ડોસાભાઇ પરણાવીને આવ્યારે.—આનંદ ભલા.
(એક છોકરીએ તો એવું ગાયું જે—)
અમે ડોસા કાકા પરણાવીને આવ્યા રે;—આનંદભલા.
અમે નવી કાકીને ઘેર લાવ્યા રે— આનંદ ભલા.

સ્વાર્થી, અને અક્કલહીણ ધર્મદાસે દીકરી પરણાવ્યા પછી આઠ દસ માસ તો લીધેલું હિત દ્રવ્ય સાચવી રાખ્યું ખરૂં પણ ઇશ્વરી નિયમાનુસાર અને દૈવી વચનથી એના ગૃહ નબળા બેઠા.

એજ વર્ષમાં ડોસ્સાભાઇને નવનવી વ્યાધિઓએ ઘેરી લીધો. એણે ડાક્ટરોમાં પૈસો ઘણો ખર્ચ્યો તોપણ કંઈ ઉપાય લાગ્યો નહિ. છેવટે આ સંસાર યાત્રા પૂરી કરી પરલોક સાધનાર્થે ચાલ્યો ગયો. આ કારણથી બાપડા ધર્મદાસના દુઃખનો પાર રહ્યો નહિ.

ધર્મદાસની સ્ત્રિ માંદી પડી જેને દેશી ઓષધોનો કંઇ પણ ઉપાય લાગ્યો નહિ. છેવટે લંડનના જાણીતા દાક્તર ડફ્ફ સાહેબને બોલાવ્યો, એ મહાશયે ! અંગ્રેજી પ્રિસ્ક્રૂપ્શનથી, સ્ત્રિને પુનઃ જીવનમાં દાખલ કરી એમાં ધર્મદાસને ત્રણ હજાર રૂપિયો ડાક્ટર સાહેબને ભરવો પડયો. એવીજ રીતે, સંચિત કરેલું દ્રવ્ય તડામાર ઉપડવા લાગ્યું.

દીકરી બાળ વિધવા હોવાથી ડોસાભાઇનું મૂકેલું દ્રવ્ય જયાંનું ત્યાં રહ્યું, અને તેની તરફના કેટલાક સગાઓ જેમ તેમ ચપ્પા ચપ કરી ગયા. ધર્મદાસની દીકરીના હાથમાં જુજજ રકમ રહી જે એના નામે અનામત જમા મુકી હતી.

સ્ત્રિ સાજી થઇ, એટલામાં તો ધર્મદાસના ઘરના એક ભાગનો આકસ્માત આગથી નાશ થયો. અને એ મકાન નવું કરાવવામાં ધર્મદાસનો પૈસો જેમ તેમ ખર્ચાઇ ગયો.

એજ સાલમાં ઢોરોને મહામારી ઉત્પન્ન થઈ. એમાં બાપડા રાંક ધર્મદાસનાં પાંચ પચીસ ઢોર ઉપડી ગયાં બળદ મરી ગયા, એટલે ખેતીવાડીનું કામ બંધ પડયું. આવતુ વર્ષ સારૂ આવશે એ આશાએ માણસોના બેઠાં બેઠાં પગાર ભરવા પડયા.

એ ત્રણ વરસનું સરકારી મહેસુલ બાકી હતું. જે તલાટી સાહેબ ઉઘરાણી ઉપર ઉઘરાણી કરતા હતા. છેવટે ધર્મદાસ મહેસુલ ભરવા અશક્ત હતો. ડીસ્પેચ સરકારમાં ગયો, જ્યાંથી ધર્મદાસની મીલ્કત જપ્ત કરી નાણાં વસુલ કરવા સરકારનો હુકમ થયો.

ગામમાં, ધર્મદાસને ત્યાંજ જપ્તિ આવી. ટાંચ આવી, એમ વાતો થવા લાગી. જોનાર માણસો દીલગીર થયા; કેટલાક કન્યા વિક્રયનાં ફળ એમ કહેવા લાગ્યા. તો કેટલાક દશ હજાર રૂપિયા લીધા હતા અને તે બધું કયાં ગયું ? એમ વિચાર કરવા લાગ્યા.

જપ્તીદાર સાહેબ, અને તેમના કેટલાક સિપાઇઓએ આવી ધર્મનેદાસને ઘરમાંથી બહાર ખેંચી કહાડયો, સ્ત્રિ રોવા લાગી અને બચ્ચાં કળકળવા લાગ્યાં. પણ યમદૂત જેવા સિપાઇઓને કંઇ પણ દયા આવી નહિ. આડોશીપાડોશીઓએ ધર્મદાસને દીલાસો આપ્યો. તેનાં સ્ત્રિ છોકરાંનું થોડાક દીવસ સગાઓએ પૂરૂં કર્યું.

ટાંચ મારી પણ ધર્મદાસના ઘરમાંથી, પાંચ દસ ફૂટેલી થાળી વાડકા, બે દેગડી, એક ઉનમણો, બે ખાટલા, પાંચ દસ ગોદડી, અને

ફાટાં તૂટાં લૂગડાં સિવાય કંઇ પણ નગદ, રોકડ રકમ નિકળી નહિ ખર્ચ ઉપર ખર્ચ, અને નુકસાનીઓજ હોવાથી ધર્મદાસ સ્ત્રિને માટે કંઇ પણ દાગીનો કરાવી શક્યો ન્હોતો. એટલે બધું જેમ તેમ કાયમ રહ્યું. જમિદાર સાહેબ વિલે મોંઢે પાછા ગયા. મામલતદાર સાહેબે લખી દીધું–" આ આસામી નાદાર છે. બાળ બચ્ચાંવાળો છે. માટે ઘર તેને સોંપી દેવું."

ગામના કેટલાક ઉદાર શેઠીઆઓને ધર્મદાસ ઉપર દયા આવી અને તેને પાંચ પચીસ રૂપિયા મદદ કરી એનો કારભાર પાછો નવો કરાવી આપ્યો.

આજે ધણા દીવસે પાછો ધર્મદાસ દેવી મંદીરમાં પાઠ કરવા આવ્યો છે. પાઠમાં ત્હેનું ચીત્ત એકાગ્ર થયલું છે. એજ દ્રષ્ટિ આગળ દેવીએ તેના પુસ્તકમાં નિચે મુજબ લખી દીધું—

ધર્મદાસ! ત્હને જે જે દુઃખ ભોગવવું પડયું. એ ત્હારાં કર્ત્તવ્ય કર્મનો બદલો મળ્યો છે. ત્હારી દીકરીનું તેં શ્રેય ઇચ્છ્યું નથી એ માટે ત્હારે સદાય ગરીબાઇમાં રહેવું પડશે. તું ભક્તિભાવ રાખજે. એટલે હું ત્હને મદદ કરીશ. વિગેરે. વિગેરે.

વાંચતાંજ ધર્મદાસ ખૂશી થયો. અને નિચે મુજબ દેવીની સ્તુત્તિ કરવા લાગ્યો.

હે મહામાયા, હે અંબિકા, હે કાલીકા, હે ચંડીકા, હે માજી! ત્હમોજ મારા નિરાધારનાં આધારરૂપ છો. ત્હમોએ મને બે વાત કહી હતી. પણ મેં દુષ્ટે કંઈ પણ ગણકાર્યું નહિ. એનો બદલો મને મળ્યો, એ વાત ખરીજ છે. હું આપના ચરણોનો દાસ છું—આપનોજ છું. મારૂં રક્ષણ કર્યો, મારા ઉપર દયા લાવી! મને પુનઃ જીર્ણ-

નમાં દાખલ કરો, મને ખાવા માટે પેટ પુરતુ અન્ન મળતું નથી સ્ત્રિ છોકરાંની પણ એજ દશા છે. જો મ્હારા ઉપરની આપ ક્ષમા, મમતા, દયા, અને આર્જવતા, ભુલી જશો ? તો હું આ આત્મા આપના ચર્ણોમાં અર્પણ કરૂં છું. એ પછી દેવીએ કહ્યું.

બેટા ધર્મદાસ ચીંતા ન કર, તું મ્હારોજ છે. મારા ઉપર ભક્તિભાવ રાખજે. સત્ય અને ન્યાયની દ્રષ્ટિથી જો જે અધર્મ અને અહિતનો ત્યાગ કરજે. તું એક સાચો ઇશ્વર ભક્ત છે. આ માયીક સ્થાન (સંસારમાં)માં તને પુત્ર પુત્રીનું કંઇપણ પ્રયોજન નથી. એમ છે તોપણ વંશવૃદ્ધિ સારૂ હવે પછી ત્હને એક પુત્ર થશે. " હું ત્હને તારી સ્ત્રિ અને વિધવા દીકરીને " મારા સ્થાનમાં લઇશ.

એટલા શબ્દ પછી તે દેવી ક્યાં ગઇ ? એમ સ્વમવત ભાસ થતાં ધર્મદાસ બેશુદ્ધ અવસ્થામાંથી પાછો ટટાર થયો. આજુબાજુ પડેલું કેટલુંક દ્રવ્ય મને દેવીએ આપ્યું છે, એમ ખુશ થતાં પોથીમાં માર્યું. કેટલુંક બગલમાં માર્યું અને પુનઃ માફક ઘેર આવી. સ્ત્રિને વસ્ત્રાલંકારથી પરિપૂર્ણ કરી. દૈવી દ્રવ્યના પ્રભાવથી તેનું સંસારચક્ર પાછું જેમ હતું તેમ ચાલવા લાગ્યું.

સમાપ્ત.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સાકલચંદ હરીલાલે છાપ્યું.
પાંચકુવા નવા દરવાજા—અમદાવાદ.